# ...ગાયક કલાકારનો પરિચય...



**શ્રી જયદેવભાઈ વા. ભોજક**
**(એક્સ. મ્યુઝિક પ્રોડયુસર, ઓલ ઈન્ડીયા રેડિયો, વડોદરા).**

સૂર, તાલ અને શબ્દોનાં પુષ્પોમાંથી મહેંકી રહેલું એક સુંદર ઉપવન, પાંચ પેઢીઓથી પાંગરેલુ ઘટાદાર વૃક્ષ, અનેક સરિતાનો જયાં સંગમ થાય એ સ્વરોનો અબ્ધિ-જયદેવભાઈ એટલે સ્વરાબ્ધિ.

તેમનો જન્મ તા. ૭ ડિસેમ્બર, ૧૯૨૯નાં રોજ સિધ્ધપુર મુકામે થયો હતો. બાળ શિક્ષણના પ્રણેતા શ્રી ગિજૂભાઈ બધેકાના બાલમંદિરથી માંડી સોનગઢ ગુરૂકુળમાં મેટ્રિક સુધીનાો અભ્યાસ કર્યો. ભાવનગરની શામળદાસ કોલેજમાં મુખ્ય વિષય ઈતિહાસ સાથે તેઓ ગ્રેજયુએટ થયા છે.

ભાવનગરમાં નંદકુંવરબા વિધાલયમાં સંગીત શિક્ષક તરીકે ૧૯૬૩ સુધી સેવાઓ આપી. તે દરમ્યાન તેમણે ભાવનગરની જુદી જુદી સંસ્થાઓમાં શિક્ષણ અને સંગીત શિક્ષણનું કાર્ય કર્યુ. જે પૈકી સનાતન ધર્મ હાઈસ્કુલ, મહિલા વિધાલય, ભોગીલાલ મગનલાલ કોમર્સ સ્કુલમાં કામ કર્યુ. આ ઉપરાંત રાજગાયક ગજાનન ઠાકુરની શાસ્ત્રીય સંગીત શાળામાં દસ વર્ષ કામ કર્યુ. જયાં તેમની પાસે બી.એ. તથા એમ.એ. માં સંગીત વિષય લેનારા શીખવા આવતા હતા. ત્યાર બાદ આકાશવાણી વડોદરા કેન્દ્રમાં મ્યુઝિક પ્રોડયુસર તરીકે ૧૯૬૩ થી ૧૯૮૦, નિમણુંક થી નિવૃત્તિ સુધી આકાશવાણી વડોદરા કેન્દ્ર પર તેમણે કામ કર્યુ.

ફરજ દરમ્યાન ગુજરાતી ઢાળોની જાળવણીનાં હેતુથી જુદા-જુદા સંપ્રદાયનાં પદો રેકોર્ડ કર્યા તથા સુગમ સંગીત શિક્ષણના પાઠો બ્રોડકાસ્ટ કર્યા. એ દરમિયાન ડભોઈના સંગીત શિક્ષક ભુપેન્દ્રભાઈ શાહની સહાયથી દયારામ અને જૈન સ્તવનોના જૂના ઢાળોનું રેકોર્ડીંગ કર્યુ.

આપણા મધ્યકાલિન કવિઓની રચનાના અસલ ઢાળોનુ રક્ષણ કરવાનું તેમનાં ધ્યાનમા આવ્યુ. આથી પ્રથમ આનંદઘનજીના જૈન પદો, દયારામની ગરબી-પદ-હોળી ગીતો, સારસા કરૂણાસાગરના ભજનો, પાટણના ભાલણ રચિત

Scanned with CamScanner

રામબાળલીલાના પદો, છોટમની રચનાઓ, સુરદાસ, નરસિંહ મહેતા, કબીરના પદો, વિનય વિજયજી, જ્ઞાન વિજયજી, ચિદાનંદજીના પદો, આનંદઘનજીની ચોવીસી, અનેક પદો તેમણે આકાશવાણી વડોદરા કેન્દ્રમાં રેકોર્ડ કર્યા છે.

ગાંધીજીના માતૃશ્રી પ્રણામી સંપ્રદાયના હતા. તેથી વલસાડના શ્રી ભીખુભાઇ ભાવસારની સહાયથી પ્રાણનાથજીના પદો તેમણે સ્વરબધ્ધ કરી રેકોર્ડ કર્યા. ગુજરાતના જાણીતા કવિઓ ન્હાનાલાલ, કલાપી, સુંદરમ્, ઉશનષથી માંડી હરિન્દ્ર દવે, બાલમુકુંદ દવે, સુરેશ દલાલ, પ્રિયકાંત મણિયાર જેવા ઘણાં કવિઓના ગીત ગઝલ ધ્વની મુદ્રણ કર્યા છે.

આ ઉપરાંત પુષ્ટિ માર્ગના આચાર્યોની રચનાઓ, સ્તોત્ર અને ભાગવતની ગોપીઓએ ગાયેલા ચાર વિરહ ગીત ઉપરાંત નર્મદાષ્ટક-ગંગાષ્ટક અને રામરક્ષા સ્તોત્ર ખૂબ જ ભાવવાહી છે.

ગીત-ગઝલના શાયરો અને સંગીતના ગાયકોના સહકારથી ગુજરાતી સુગમ સંગીત ને લોકો સમક્ષ જુદા જુદા શહેરોમાં રજુ કરવાની એક યોજના કરી છે. એ પૈકી ઊંઝા, મહેસાણા, ભાવનગર, વડોદરા, અમદાવાદ, મુંબઈ, બેંગલોર, વિજયવાડા, ગુજરાતના અનેક સ્થળોએ કાર્યક્રમો આપ્યા છે. તેમણે અનેક સીડી-કેસેટ પ્રકાશિત કરેલ. જેમાં પાજોદ દરબાર, રુસ્વા મઝલૂમીની "મદિરા" અને કવિ શ્રી અનામીની "ગીતસુધા" ને ઘણી પ્રસિદ્ધિ મળી છે. તેમણે વડોદરા મુકામે શબ્દની આરપાર, ભરુચ મુકામે સ્વર રેવાને તીરે અને સૂર ક્ષિતીજને પાર, ભાવનગરમાં ત્યારે ગઝલ મળે છે, અમોને આવવા માટે, સૂરના સથવારે, ગઝલ સંધ્યા અને ભજન સંધ્યાના અનેક કાર્યક્રમો આયોજીત કર્યા છે. પુસ્તકોની ગરજ સારે તેવા સુગમ સંગીતના શિક્ષણ માટેની ૨૨ જેટલી કેસેટ-સીડી-શ્રેણી પ્રસિદ્ધ કરી છે.

તેમણે આનંદઘનજી-ચિદાનંદજીના પદોનું સંકલન કરીને એક પુસ્તક પ્રસિદ્ધ કર્યુ છે.

ત્યાર બાદ ગહન અભ્યાસ બાદ "સુગમ સંગીતની ઉત્ક્રાંતિ" વિષયક પુસ્તક લખ્યુ છે, જે ખૂબ પ્રસિધ્ધિ પામ્યુ તથા સુગમ સંગીતના સામાન્ય જ્ઞાનની પુસ્તિકા અને હાલમાં પંચ્યાસી વર્ષની જૈફ વયે "દક્ષિણ ભારતીય કર્ણાટિક સંગીતનો

Scanned with CamSc

પરિચય'' નામનું પુસ્તક પ્રકાશિત થઈ રહયુ છે. જે જીજ્ઞાસુઓએ વાંચવુ રહયુ.

આદરણીય શ્રી જયદેવભાઈ ભોજક એ વર્તમાન સમયની વિલક્ષણ વિભૂતિ છે. તેમણે માત્ર સ્વર સાધના કે સુગમ સંગીત જ નહિં, પરંતુ ચિત્ર-શિલ્પ-ઈતિહાસ, પુરાતત્વ અને ભારતીય શાસ્ત્રીય સંગીતના ખૂબ ઊંડા અભ્યાસુ અને ચિંતક રહયાં છે.

જયદેવભાઈ પેઢી દર પેઢીના સંગીતકાર છે. તેમના દાદા દલસુખરામ ઠાકોર, પિતા વાસુદેવભાઈ અને કાકા ગજાનનભાઈ ભાવનગર રાજયના રાજગાયક હતા. આથી ઘરમાંથી જ સંગીતનું શિક્ષણ તેમને ગળથૂથીમાંથી મળ્યું છે.

વિશેષતઃ ભોજક જ્ઞાતિએ ગુજરાતમાં વંશ પરંપરાગત સંગીત સાચવ્યું અને પ્રચાર પ્રસાર કર્યો છે.

શ્રી ડાહયાલાલ શિવરામ જેવા વિદ્વાને ''સંગીત કલાધર'' જેવો બૃહદગ્રંથ અનેક વર્ષોની તપશ્ચર્યા પછી લખ્યો છે. આજ પરંપરામાં શ્રી જયદેવભાઈ આવે છે.

ભાવનગરના રાજવી શ્રીયુત વિરભદ્રસિંહજીએ ગ્રામોફોન રેકોર્ડમાં ગાવા તેમની પાસે ભજનો તૈયાર કર્યા. વડોદરાના રાજવી શ્રી રણજીતસિંહજી ગાયકવાડે ભજનોની બે કેસેટ અને ગીત ગઝલની સીડી જયદેવભાઈ પાસેથી શીખી પ્રસિદ્ધ કરી છે.

શ્રી જયદેવભાઈએ એમની સંગીતની સ્થૂળ ડાયરીમાં અનેકાનેક કવિઓની સુગેય કૃતિઓને સંગ્રહિત કરી સંખ્યામાં આંકડો ન આપી શકાય એટલી રચનાઓ તેમને સ્વરબદ્ધ કરી છે. તેમણે ગુજરાતી કાવ્ય જગતની જે સેવા કરી છે તેની યાદી અન્યત્ર છાપી છે. જે જોવાથી તેમની સેવાનો ખ્યાલ આવશે. છેલ્લા પાંચ દાયકામાં ભોજક પરિવારે સુગમ સંગીતના પ્રસાર દ્વારા જે પ્રતિષ્ઠા આપી છે, તે જાગ્રત પ્રહરી રુપે નિષ્કામ ભાવે જે સેવા બજાવી છે, તે પ્રશંસનીય ને ઐતિહાસિક છે. શ્રી જયદેવભાઈ સૂરનો સહારો લઈ શબ્દની આરપાર જીવી રહયા છે અને સમગ્ર પરિવાર આ સાથે જોડાયુ છે. આજે તેમને ૮૫ વર્ષની જૈફ વયે એમની સેવા વિરમી નથી. સાહિત્ય-સંગીત-કલા એમની રગ-રગમાં દોડે છે.

ગુજરાત અને વિશેષરુપે સંસ્કારનગરી વડોદરાનું એ જીવતુ જાગતુ ગૌરવ છે. પોણી સદી પુરાણા પરમ ભેખધારી આ સંગીત સાધકને એમની આજીવન સંગીત સેવા બદલ ફરી ફરી અભિનંદન...સલામ...

Scanned with CamSc